# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-06-2026 Day: Sunday Morning : 8.50 to 8.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## આંતરાષ્ટ્રીય યોગ:

યોગ ફોર હેલ્ધી એજિંગની થીમ સાથે ઉજવાયેલા 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કોલકાતાથી સામૂહિક યોગમાં જોડાયા અને દેશવાસીઓને સંબોધન કર્યું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી આજે ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે યોજાઈ.યોગ દિવસે સમગ્ર રાજ્યમાં વિવિધ સ્થળોએ કુલ એક કરોડથી વધુ નાગરિકો સહભાગી થયા. રાજ્યની 17 મહાનગરપાલિકાઓ, તમામ જિલ્લા તાલુકાઓ, નગરપાલિકાઓ અને ગ્રામ્ય સ્તરે સામૂહિક યોગાભ્યાસ યોજાયો.

જિલ્લા કક્ષાની ઉજવણી ભુજના સ્મૃતિવન ખાતે રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષસ્થાને યોજાઈ.

---------------------------------------------------------------------------------------------

## પીએમ કિસાન સન્માન નિધિ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે પશ્ચિમ બંગાળ ખાતેથી પીએમ કિસાન સન્માન નિધિનો 23મો હપ્તો જાહેર કર્યો હતો. આ અંતર્ગત, દેશભરના 9 કરોડ 44 લાખથી વધુ ખેડૂતોના બેંક ખાતામાં 18 હજાર 880 કરોડથી વધુ રૂપિયા સીધા જમા થયા.

દરમિયાન ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાનો “પીએમ કિસાન ઉત્સવ દિવસ” યોજાયો હતો. જેમાં રાજ્યના 51 લાખ 28

હજારથી વધુ ખેડૂતોને પીએમ કિસાન હેઠળ એક હજાર 25 કરોડ રૂપિયાથી વધુની સહાય અપાઈ.

---------------------------------------------------------------------------------------------

## NEET UG પરીક્ષા:

દેશભરમાં આજે નેશનલ એલિજીબીલીટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ-નીટ UGની પુન:પરીક્ષા યોજાશે. રાજ્યના 79 હજારથી વધુ વિદ્યાર્થી આ પરીક્ષા આપશે. પરીક્ષામાં કોઈ ગેરરીતિ ન થાય તે માટે સરકાર સતર્ક બની છે અને પરીક્ષા કેન્દ્રો આસપાસ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યા છે.

પરીક્ષાના સુચારું આયોજન માટે રાજ્યના નોડલ અધિકારી અને કાયદો અને વ્યવસ્થાના IGP મકરંદ ચૌહાણે માહિતી આપી હતી કે, વિદ્યાર્થીઓ સમયસર પરીક્ષા કેન્દ્ર પર પહોંચે તેની કાળજી લેવાઈ છે. બીજી તરફ સોશિયલ મીડિયા પર પણ ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

---------------------------------------------------------------------------------------------

## ફાધર્સ ડે:

આજે ફાધર્સ ડે એટલે કે પિતૃ દિવસની ઉજવણી થાય છે. પરિવારમાં માતાની મમતા જેટલુંજ મહત્વ પિતાના પ્રેમ અને વાત્સલ્યનું છે પિતાના પ્રેમ પરત્વે અહોભાવ વ્યક્ત કરવા 1972 થી દર વરસે જૂન મહિનાના ત્રીજા રવિવારે આ દિવસ ઉજવવાની પરંપરા શરૂ થઇ છે.

---------------------------------------------------------------------------------------------

## નખત્રાણા નગર પાલિકા સામાન્ય સભા:

નખત્રાણા નગરપાલિકાની મળેલી પ્રથમ અને સામાન્ય સભામાં વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી. ઉપરાંત પાણી, ગટર, વીજળી, રસ્તા સહિત વિવિધ વિકાસના પ્રશ્નો ઉકેલવા, રખડતા ઢોરોને પાંજરાપોળમાં પહોંચાડવાની કામગીરી હાથ ધરવા તથા વેરા

વસૂલાત માટે સક્રિય બનવા સહિતના મુદ્દાઓની ચર્ચા કરાઈ હતી. પાલિકા પાસે દરેક વોર્ડમાં વિકાસ માટેની રૂા. 40 લાખની પર્યાપ્ત ગ્રાન્ટમાંથી દરેક વોર્ડના કાઉન્સિલરને રૂા. એક લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવશે તેવી જાહેરાત કરાઈ હતી.

---

## ક્રિકેટ:

ભારતે અફઘાનિસ્તાનને ત્રીજી અને અંતિમ વન ડે મેચમાં 9 વિકેટે હરાવી ત્રણે વન ડે જીતી નોંધપાત્ર સફળતા મેળવી છે. ચેન્નાઈના એમ.એ.ચિદમ્બરમ સ્ટેડિયમ પરની મેચમાં અફઘાનિસ્તાનના 218 રનના જવાબમાં ભારતે એક વિકેટ ગુમાવી 224 રન કરી જીત હાંસલ કરી હતી. યશસ્વી જયસ્વાલ 110 રન અને શ્રેયસ ઐયર 20 રન કરી નોટ આઉટ રહ્યા હતા, જ્યારે રોહિત શર્માએ 79 રન કર્યા હતા, એ અગાઉ અફઘાનિસ્તાનની ટીમે 218 રન કર્યા હતા. જેમાં હશમત ઉલા સાહિદીના 102 રન અને આઝામલ્લાહ ઓમરઝાઇના 50 રન મુખ્ય હતા. પ્રસિદ્ધ ક્રિષ્નાએ સહુથી વધુ 5 વિકેટ ઝડપી હતી.

---

## મહિલા ક્રિકેટ:

મહિલા વિશ્વ કપમાં આજે ભારતીય ટીમનો મુકાબલો દક્ષિણ આફ્રિકા સામે થશે. માન્ચેસ્ટર ખાતે આ મેચ ભારતીય સમય મુજબ સાંજે સાત વાગ્યે શરૂ થશે.

---

## મ્યુઝિક ગેલેરી:

શ્રુજન સંસ્થા દ્વારા સંચાલિત લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઇન સેન્ટર (LLDC)- અજરખપુર ખાતે, આજે 'વિશ્વ સંગીત દિવસ' નિમિત્તે નવી "મ્યુઝિક ગેલેરી" નું ઉદ્ઘાટન કરાશે. ગેલેરીમાં કચ્છના ૨૫ જેટલા પરંપરાગત લોકવાદ્યોનો સંગ્રહ પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

---

## લોકરક્ષક કેડર-Provisional Answer Key:

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષાની **Provisional Answer Key** જાહેર કરાઇ. ઉમેદવારો **29** જૂન સુધી પોતાની **OMR Sheet** ડાઉનલોડ કરી શકશે. જો કોઈ ઉમેદવારને **Provisional Answer Key**માં દર્શાવેલા જવાબ સામે વાંધો અથવા રજુઆત હોય તો તે યોગ્ય આધાર અને પુરાવા સાથે **24** જૂન, સાંજે **5** વાગ્યા સુધી માત્ર ઓનલાઈન અરજી કરી શકશે. નિર્ધારિત તારીખ અને સમય પછી મળેલી અરજીઓને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

---

## હવામાન:

રાજ્યમાં આગામી સાત દિવસ વરસાદની આગાહી છે. **25** જૂન સુધી દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદી માહોલ રહેશે તેમ હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું.

દરમ્યાન ભુજ તાલુકાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં ગઈકાલે વરસાદથી રસ્તા ભીંજાયા હતા. જિલ્લાના અન્ય વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણનો માહોલ જોવા મળ્યો હતો. જિલ્લામાં સરેરાશ **10** થી **15** કિ.મી.ની ઝડપે પવન ફૂંકાયો હતો. હવામાન વિભાગે આજે કેટલાંક સ્થળે છૂટોછવાયો વરસાદ વરસે તેવી આગાહી કરી છે.

---